ગાંધીનગર સમાચાર

**વરસાદી પાણીથી મીના બજારના આંતરિક માર્ગોનુ ધોવાણ**

# શહેરમાં જન્માષ્ટમીની ઉલ્લાસપૂર્વક ઉજવણી

## નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલ કીના નારાથી શહેરના મંદિરો ગુંજી ઉઠ્યા





ગાંધીનગર, તા.૨૬

નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી... મંદિરમાં કોણ છે રાજા રણછોડ છે ... જય રણછોડ માખણચોરના નારાથી શહેરના મંદિરો જન્માષ્ટમીના દિવસે રાત્રીના સમયે ગુંજી ઉઠ્યા હતા. ભગવાન કૃષ્ણને પારણે ઝુલાવવા માટે ભકતોનું ઘોડાપુર મંદિરોમાં ઉમટયું હતું. શહેરમાં આવેલા વિવિધ મંદિરોમાં રાત્રીના કૃષ્ણજન્મોત્સવ સમયે રાસ-ગરબા, ભજન કિર્તન, આરતી સહિતના ધાર્મિક કાર્યકમો યોજાયા હતા. જયારે શહેર નજીક આવેલા પ્રસિધ્ધ વાસણ મહાદેવ મંદિર , ધોળાકુવા તેમજ શહેરના પંચદેવ મંદિર ખાતે ભવ્ય મેળો પણ



યોજાયો હતો. નગરમાં વહેલી સવારથી જ મેળાની મોજ માણવા નગરજનો તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી મોટીસંખ્યામાં નાગરીકો આવી પહોંચ્યા હતા. મેળામાં હૈયે હૈયુ દળાય તેવી ભારે ભીડ જામી હતી. વરસાદના ઝરમરીયા છાટા વચ્ચે પણ ભકતોનો ઉત્સાહ જળવાઈ રહ્યો હતો. નગરજનો કૃષ્ણભકિતના રંગે રંગાયેલા જોવા મળ્યા હતા. જયારે કૃષ્ણજન્મોત્સવ દરમિયાન નાના ભુલકાઓ પણ વિવિધ વેશભુષામાં સજ્જ જોવા મળ્યા હતા. જયારે શહેરના સેકટરો તેમજ સોસાયટીમાં ઠેર ઠેર મટકીફોડ સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયું

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ગત વર્ષની તુલનામાં ૬૬ મિ.મિ.ઓછો વરસાદ

## ગત વર્ષની તુલનામાં વાવેતર પણ ઓછુ :કઠોળ, શાકભાજી, દિવેલા અને મગફળીનું વાવેતર વધ્યુ : બાજરી, કપાસ ડાંગરમાં ઘટાડો

ગાંધીનગર, તા. ૨૬

૨૮ ઓગષ્ટ ૨૦૧૫ની તુલનામાં ૨૮ ઓગષ્ટ ૨૦૧૬ સુધીમાં જિલ્લામાં ૬૫ મિ.મિ. જેટલો વરસાદ ઓછો નોંધાયો છે. આ સાથે ગત વર્ષની તુલનામાં વાવેતર વિસ્તારમાં પણ ૧૫ હજાર હેક્ટર જેટલુ વાવેતર આ વર્ષે પણ અત્યાર સુધીમાં ઓછુ નોંધાયું છે.

જિલ્લામાં આજ સુધીમાં ૧ લાખ ૫ હજાર હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં વાવેતર થઈ ચુક્યુ છે. આ વખતે પાક પેટર્નમાં પણ બદલાવ જોવા મળ્યો છે. પહેલીવાર ખેડૂતોએ કઠોળ અને મગફળીના પાકની સાથે શાકભાજીના પાકોનું વાવેતર વધુ વિસ્તારમાં કર્યું છે.

જિલ્લામાં જે રીતે શ્રાવણમાં ચોમાસુ વાતાવરણ થયેલુ છે તે જોતાં આ વખતે વાવેતર વિસ્તારમાં એક નવો વિક્રમ થાય તેવી શક્યતાઓ છે. જિલ્લામાં દિવેલા તેમજ ઘાસચારાના વાવેતરની સાથે સાથે શાકભાજીના વાવેતર વિસ્તારમાં હજુ પણ વધારો થશે તેમ મનાઈ રહ્યું છે. દિવેલાનું વાવેતર ૧૬ હજાર હેક્ટરમાં થઈ ચુક્યુ છે અને હજુ વધુ ૧૦ હજાર હેક્ટરમાં જેટલા વિસ્તારમાં થવાની સંભાવના રહેલી છે.

મળતી વિગતો પ્રમાણે અડદનું વાવેતર ૩૫૦૦ હેક્ટરમાં તેમજ મગનું વાવેતર ૩૨૦૦ હેક્ટરમાં થયુ છે જ્યારે તુવરનું વાવેતર ૩૫૦ હેક્ટર, મઠનું વાવેતર ૧૨૬ હેક્ટર, મગફળીનું વાવેતર ૫૭૬૩ હેક્ટર

● અનુસંધાન પાન-૭ પર

## છાલા-ગિયોડ-કાનપુરમાં એક કલાકમાં બે ઈંચ વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા પંથકના છાલા-ગિયોડ અને કાનપુર ગામોમાં આજે બપોરે ૧ કલાકમાં બે ઈંચ વરસાદ નોંધાતાં ખેડૂતોમાં ખુશીની લ્હેર પ્રસરી જવા પામી છે.

જિલ્લામાં ઝરમરિયા વરસાદની સાથે હળવા વરસાદના ઝાપટાઓ વચ્ચે આજે આ પંથકમાં એક કલાકમાં જ બે ઈંચ જેટલુ પાણી પડતાં ખેતરોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા.

જો કે બપોર પછી તડકો પણ જોવા મળ્યો હતો. જિલ્લામાં વરસાદ આ વખતે છુટો છવાયો વધુ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૧૮ મિ.મિ. જેટલો સરેરાશ વરસાદ નોંધાયો છે. શ્રાવણ માસમાં સારો વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# પંચદેવ મંદિરના મેળામાંથી ૧૧.૫૦ કીલો પ્લાસ્ટીક જપ્ત

## દબાણ અધિકારી સહીતની ટીમે ખાણીપીણી બજાર તેમજ રમકડાના સ્ટોલ પરથી પ્લાસ્ટીકની થેલીઓ કબજે લીધી

ગાંધીનગર તા ૨૬

પંચદેવ મંદિર પાસે યોજાયેલા આઠમના મેળામાં પ્લાસ્ટીકનો ઉપયોગ ન થાય તે માટે તંત્ર દ્વારા ગઈકાલે સવારે આકસ્મિક ચકાસણી હાથ ધરી ખાણીપીણી બજારે તેમજ રમકડાની લારીઓ પરથી ૧૧.૫૦ કીલો પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કર્યો હતો.


શહેરને પ્લાસ્ટીક મુક્ત કરવા માટે સમયાંતરે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. સેકટરોમાં વેપારીઓ દ્વારા પ્લાસ્ટીકનો ઉપયોગ ન થાય તે માટે તંત્રની ટીમ દ્વારા પ્લાસ્ટીકની કોથળીનો જથ્થો જપ્ત કરી કાગળની બેગ ઉપયોગમાં કરવાની સુચના આપવામાં આવી છે. ત્યારે શહેરીજનોમાં આ મામલે જાગૃતિ આવે તે માટે સ્થાનિક સંસ્થાઓના સહયોગથી જનજગૃતિ કેળવવા માટે પણ પ્રયાસો હાથ ધરાયા છે. પ્લાસ્ટીકનો ઉપયોગ કરી ગમે ત્યાં પ્લાસ્ટીક બેગ ફેંકી દેવાતા પ્લાસ્ટીકનુ પ્રદુષણ મુંગા પશુઓ માટે ખતરારૂપ પુરવાર થયુ છે. જયારે પર્યાવરણ માટે પ્લાસ્ટીક નુકશાનકારક હોવાથી પ્રકૃતિ પ્રેમીઓમાં પણ રોષની લાગણી જોવા મળે છે. ત્યારે શહેરમાં પ્લાસ્ટીકનો ઉપયોગ સદંતર બંધ થાય તે દિશામાં પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. શહેરને પલાસ્ટીક મુકત કરવાની નેમ સાથે સેકટરોમાં સમયાંતરે પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જયારે જવાબદાર વેપારીઓ પાસેથી દંડ વસુલી પણ કરવામાં આવે છે. હાલ તહેવારના દિવસોમાં પણ તંત્ર દ્વારા પ્લાસ્ટીકનો ઉપયોગ અટકાવવા માટે વેપાર ધંધાના સ્થાને ચકાસણી કરવામાં આવી રહી છે. ગઈકાલે આઠમના મેળા દરમિયાન પણ પ્લાસ્ટીકનો કચરો સેકટરને પ્રદુષિત ન કરે તે માટે દબાણ અધિકારી મહેશ મોડ તેમજ તેમની ટીમના સભ્યોએ સવારે જ સે-૨૨ પંચદેવ મંદિર નજીક મેળાના સ્થળે પ્લાસ્ટીકનો ઉપયોગ અટકાવવા માટે ચકાસણી હાથ ધરી હતી. આ દરમિયાન તેમણે ૧૧.૫૦ કીલો પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કર્યો હતો. ખાણીપીણીની લારીઓ તેમજ રમકડાના સ્ટોલ પરથી પ્લાસ્ટીકની બેગ કબજે લીધી હતી.

# શહેરમાં ઝરમર ઝરમર વરસાદ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં વરસાદી વાતાવરણ જળવાઈ રહ્યું છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં વધુ એક ઈંચ વરસાદ નોંધાતા શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા.

ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં વરસાદી વાતાવરણ જળવાઈ રહ્યુ છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ પર છવાયેલ અપર એર સાયક્લોનિક અસર હેઠળ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે. શહેરમાં પણ વરસાદી વાતાવરણ જળવાઈ રહ્યુ છે. આકાશમાં વારંવાર ઘેરાઈ આવતા વાદળો વરસાદ વરસાવી જાય છે. વરસાદે આઠમ અને નોમનું મુહૂર્ત સાચવી લીધુ હોય તેમ શહેર તથા જિલ્લામાં ઠેર ઠેર વરસાદ પડ્યો હતો. રજાઓનો માહોલ હોવાથી ઝરમર વરસાદમાં પણ શહેરીજનો હરવા ફરવા ઉપડી ગયા હતા. હરવા-ફરવાના વિવિધ સ્થળોએ ભારે ભીડ જોવા મળી હતી. વરસાદી માહોલનો શહેરીજનોએ પુરેપુરો લાભ લીધો હતો. આજે દિવસ દરમ્યાન બપોરે સરસ ઝાપટુ પડ્યું હતું. જો કે બપોર બાદ તડકો પણ સારો નીકળ્યો હતો. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન શહેરમાં વધુ એક ઈંચ વરસાદ નોંધાતા મોસમનો કુલ વરસાદ ૪૫૮ મી.મી. થયો છે.





પાતર શાકભાજી - જન્માષ્ટમીના ઉપવાસના પારણા માટે ૩૨ પ્રકારના શાક રાંધવાની પરંપરા છે.... ખાસ કરીને વૈષ્ણવ સંપ્રદાયમાં નંદોત્સવની ઉજવણી બાદ ઉપવાસના પારણા થાય છે... અને ભગવાન કૃષ્ણને ભાવતા ૩૨ પ્રકારના શાક બનાવાય છે... વિશિષ્ટ પ્રકારની પરંપરા સાથે ભગવાન કૃષ્ણના જીવનની પસંદગીની વસ્તુઓ સંકળાયેલી છે...

## ઔડાના રીંગ રોડ પર નગરના વાહનચાલકોને ટોલમાંથી મુકિત આપો

ગાંધીનગર તા ૨૬

રાજયમાં કેટલાક ટોલનાકા પર ટોલટેક્ષમાંથી મુકિત આપવામાં આવી છે. આમછતા ગાંધીનગરના નાગરિકોને ઔડા વિસ્તારના ટોલનાકા પર ઉઘરાવાતા ટોલમાંથી મુકિત મળી નથી આ મામલે વારંવાર રજુઆતો કરવા છતા કોઈ પગલા લેવાતા નથી આ મામલે શહેર વસાહત મહામંડળ દ્વારા નાયબ મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ રાજયમાં સરકાર દ્વારા ગત તા ૧૫ ઓગષ્ટના રોજ કેટલાક ટોલટેક્ષ પર ટોલ ઉઘરાવાનુ બંધ કરી દેવાયુ છે. ત્યારે ગાંધીનગરના રહીશોએ હજુ ઔડા વિસ્તારના ટોલનાકા પર ટોલટેક્ષ ચુકવવામાંથી મુકિત મળી નથી.મહદઅંશે સર્વિસ રોડ બંધ રાખી માત્ર ૫૦૦ મીટરના અંતર માટે ફરજિયાત ટોલ ઉઘરાવામાં આવે છે. જયારે ટોલની ચુકવણીના અંતે છુટા રૂપિયા આપવાની બદલે ચોકલેટ પકડાવી દેવામાં આવે છે. આ મામલે અનેકવાર ફરિયાદો કરવા છતા પણ કોઈ પરિણામ મળ્યુ નથી. ઔડાના રીંગરોડ પર ગાંધીનગરના વાહનચાલકો પાસેથી ઉઘરાવાતા ટોલટેક્ષમાંથી મુકિત આપવા માટે મહામંડળના મયુર વ્યાસ કીશોર જીકાદરા સહીતના પદાધિકારીઓએ રજુઆત કરી છે.


**ચાણક્ય ટ્રસ્ટ અને જિલ્લા બ્રહ્મસમાજ દ્વારા વડોદરા માં**
**તા.૧૨-૧૧-૨૦૧૬ (શનિવાર) પસંદગી સંમેલન (૪૭મું)**

મળો { કે.બી.વ્યાસ - ૩૫૨/એ/૨, પોલીસ ચોકી સામે, સે.૧૨/સી, ગાંધીનગર, ૯૮૨૫૦ ૩૩૦૭૪,
નિખિલભાઈ - માધવ ઈલેક્ટ્રીકલ્સ, સંગાથ-૨ પાસે, મોટેરા સ્ટેડીયમ રોડ, સાબરમતી, ૯૪૨૮૦ ૪૫૭૯૭,

લખો : ઈશ્વર દવે, ૯, કમલકુંજ સોસાયટી, નિઝામપુરા, વડોદરા, ૯૩૭૬૨ ૩૩૮૧૧


## આજે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી દિલ્હીમાં

ગાંધીનગર, તા. ૨૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સાથે આવતીકાલ શનિવાર, તા. ૨૭ ઓગષ્ટ નવી દિલ્હીની મુલાકાતે જશે.

નવી દિલ્હીમાં યોજાનારી ભાજપાશાસિત મુખ્યમંત્રીઓની બેઠકમાં તેઓ ઉપસ્થિત રહેવાના છે.

આ બેઠકમાં રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહ માર્ગદર્શન કરશે તથા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સમાપન ઉદ્‌બોધન કરવાના છે.

## જાહેર નિવિદા

માહિતી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા જૂના બિન ઉપયોગી ટાયર - ટ્યુબ, વાહનોનો ભંગાર અન્ય ભંગારના નિકાલ માટે તેમજ મોટર સાયકલ નંબર GJ.1.G-300 (Suzuki) અમદાવાદ તથા GJ.18.G.7096 (TVS) ગાંધીનગરના નિકાલ માટે ટેન્ડર બહાર પાડવામાં આવે છે. ટેન્ડરની નકલો જાહેર રજાના દિવસો સિવાય હિસાબી અધિકારી, માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯, પહેલો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનો રૂબરૂ સંપર્ક કરવાથી રૂ. ૨૦૦/- ચુકવ્યેથી તા. ૧૩/૯/૧૬ સુધીમાં સવારે ૧૧.૦૦ વાગ્યાથી બપોરે ૨.૦૦ વાગ્યા દરમિયાન મળી શકશે.

માહિતી/૧૩૫૨/૧૬-૧૭ — માહિતી નિયામક

# વરસાદી પાણીથી મીના બજારના આંતરિક માર્ગોનુ ધોવાણ

ગાંધીનગર તા ૨૬

શહેરમાં વરસાદી દિવસોમાં સેકટરોમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈનના અભાવે ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો જોવા મળે છે. જુના સચિવાલય પાછળ સ્થિત મીના બજારમાં આંતરિક માર્ગો પર વરસાદી પાણી ફરી વળતા માર્ગો પર જળબંબાકારની સ્થિતિ જાવા મળી રહી છે. મીનાબજારમાં માર્ગ સુધારણાનુ કામ હાથ ન ધરાતા હાલ ઉબડ ખાબડ રસ્તાઓ પણ મુલાકાતીઓ માટે મુસીબતરૂપ બન્યા છે. વરસાદી પાણીના ભરાવા વચ્ચે માર્ગ પણ તુટેલી હાલતમા હોવાથી સ્થાનિક વેપારીઓ માટે પણ શિરદર્દ ઉભો થયો છે.

શહેરમાં સતત વરસાદી માહોલના લીધે વરસાદી સમસ્યાઓ ઉભરી રહી છે. સેકટરોમાં નજર નાંખો ત્યાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે કાદવ કિચ્ચડ તેમજ ગંદકી

● અનુસંધાન પાન-૭ પર


**શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ**
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN — Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com